સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

'હિંદુત્વ' હાથમાં રાખી વિકાસ દોરડે ચાલવું છે!
'ધર્માંતરણ' વાંસડે, વિકાસ દોરડે ચાલવું છે!
ભાજપ-સંઘ વચ્ચે સમતુલા રાખવી નટરાજ-!
વૈશ્વિક ઇમેજ માટે વિકાસ દોરડે ચાલવું છે!!
(સરકસ-ઝૂલા ખેલ, કપરું કાર્ય)

હાઈકુ

'કપાસ વાવો'
- એમ કીધું'તું કોણે?!
વાવ્યાં ભોગવો..
(રોકડીયાની લાલચ)

'લખવી મુક્ત'
નિર્દોષ ભૂલકાંને -
અંજલિ દેવા?!
(પાકિસ્તાની પલ્ટી)

ચિંતન

પરં મલિત કાયેન કર્તવ્યઃ શ્રુત સંગ્રહઃ । ન તત્ર ધનિનો યાન્તિ યત્ર યાન્તિ બહુશ્રુતાઃ ॥

'વાળ સફેદ થઇ ગયા હોય-અવસ્થા થઇ હોય છતાં લેખન-વાચન-જ્ઞાનનો સંગ્રહ ચાલુ જ રાખવો જોઇએ. કોઇ પણ અવસ્થામાં જાણવું-શીખવું એ 'મોડું થઇ ગયું' નથી. જ્ઞાની જનોને કંઇ (આનંદ-માન-સન્માન) પ્રાપ્ત થાય છે તે સ્થિતિને ધનિકો-સમૃદ્ધ હોવા છતાં પણ કદી પ્રાપ્ત કરી શકતા નથી.'

ઘણા લોકો નિવૃત્ત થઇ જાય પછી 'હવે અમારાથી કંઇ ન થાય.' આખી જિંદગી (૫૮ વર્ષ) વૈતરાં કર્યા - હવે આરામ - આવી સંકુચિત આરામ પ્રિય (આળશુ) વૃત્તિને પોષે છે. જીવનમાં કદાપિ નિવૃત્તિ આવતી જ નથી. શ્વાસના અંતિમ ચરણ સુધી માણસે કંઇ જ કંઇ પોતાને ગમતી પ્રવૃત્તિ - નવું જ્ઞાન- શિખવાનું ચાલુ જ રાખવું જોઇએ. માત્ર- કામ નહીં સંગીત-વાદ્ય-કલાની પણ ઉપાસના ૫૮-૬૦ વર્ષ પછી પણ થઇ શકે છે. જ્ઞાનનું સન્માન થાય 'આળશ'નું નહીં.

સુવિચાર

- સમાજમાં એવી ભ્રાંતિ પ્રવર્તે છે કે હોંશિયારી હોય તો જ બીજાને છેતરી શકાય, પણ વાસ્તવમાં છેતરનારો જ ભોટ છે. છેતરાતો જ ચતુર છે - ભાણદેવ
- પાણી ગાય ને માટે અમૃત અને વાઘને માટે ઝેર થતું નથી. તેમ જ્ઞાનીઓ -સંતો બધા પ્રત્યે સરખા જ હોય - એસ. ભટ્ટાચાર્ય
- મકાન, મૂડી અને માણસ, આ ત્રણેય પોતાના હોય તે ધંધામાં ફાવે - પંચતંત્ર
- આત્મશક્તિની ત્રિવિધ પાંખો - જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય જ્યારે ભેગા થાય ત્યારે નિજાનંદ સિવાય શેષ કંઇ રહેતું નથી - હિતોપદેશ
- સમગ્ર માનવજાત ને જુદો મત ધરાવનાર એક માણસના અવાજને દબાવી દેવાનો અધિકાર નથી - નેલ્સન મંડેલા
- સર્વત્ર-સહુને જે પોતાની અમીદૃષ્ટિથી સમાન પણ ભીંજવે છે તે સંત... પ્રેમદૃષ્ટિ વગરનું સંતત્વ અધુરું અને આભાસી છે - સાધુ વાસવાણી
- દુનિયામાં આપણો આનંદ એ વાત પર આધારિત છે કે આપણે બીજાના હૃદયમાં કેટલો પ્રેમ પ્રગટાવી શકીએ છીએ - રજનીશ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલ લગ્ન-જન્મદિવસ-કોઇ પ્રસંગે લોકો ભેટ આજે જે વિચાર્યા વિના-બીન ઉપયોગી જ હોય મોંઘો ફૂલનો બૂકે-આપ્યા ભેગો જ નકામો, શો-કેસમાં રાખવા નકામી વસ્તુ-જગ્યા રોકે એટલું જ - એના કરતાં વસ્તુ આપ્યાની સાથે જ બીજે જ દિવસે ઉપયોગમાં આવે તેવી વસ્તુઓ આપવી જોઇએ.

વિધવા માજીએ પરિશ્રમ કરી ત્રણ દીકરાને ઉછેર્યા ભણાવ્યા. દીકરા શહેરમાં નોકરી-ધંધાર્થે ઘયા - કોઇની પત્નીઓ માજી શહેરમાં પોતાની સાથે રહે એમ ઇચ્છતી નો'તી.

દીકરીઓએ પણ પોતાની સુવિધાઓ સંપન્ન થઇ ગયા પછી માને માટે વિચાર્યું.

મોટાએ ગામમાં એક બંગલો ખરીદી લીધો.

વચેટે - ગાડી-ડ્રાઇવર મોકલ્યાં.

ત્રીજો જરા મધ્યસ્થિતિનો હતો એણે રાશન અને મસાલા મોકલ્યા.

કોઇ પ્રસંગે પરિવાર એકત્ર થયો.

માજી એ જ જુના ખંડેરમાં રહેતા હતા. મોટું ઘર સાફ કોણ કરે? હું તો એક ઓરડો જ વાપરું છું.

બીજાએ ડ્રાઇવર-ગાડી પાછાં શા માટે મોકલ્યાં એમ પૂછ્યું. ત્યારે માજી કહે મારે હવે જવું ક્યાં? મંદિર તો સામે જ છે ને સંગા-સંબંધી મરી ગયાં છે.

હા - આ નાનકાએ મોકલું રાશન મને ખૂબ કામ આવ્યું ઘણા વખતે ભેટ ભરી મસાલેદાર વાનગીઓ ખાધી!

છોકરાઓ ને પોતાની ભૂલ સમજાઇ. વસ્તુની કિંમતનું મહત્ત્વ નથી. ઉપયોગીતાનું મહત્ત્વ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

કવિતા એટલે સંવેદના, જે શબ્દોમાં ઢળી ગઇ હોય

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દસેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

● સાહિત્ય અવસર સેતુ

માતૃભાષા ગુજરાતીના અમણોલ સાહિત્યને જીવંત અને હરપળ ધબકતું - ધબકતું રાખવા અને ગુજરાતી સાહિત્યની રસલ્હાણ પીરસવા, ગાંધીનગર સાહિત્ય સભા છેલ્લા ૧૭ વર્ષોથી યત્કિંચિત ફાળો આપી, સાહિત્યિક કાર્યક્રમો ગોઠવે છે. 'સર્જકની કેફિયત' અંતર્ગત, તા. ૧૪-૧૨-૨૦૧૪ ને રવિવારના રોજ, શિયાળાની ખુશનુમા સાંજના રમ્ય વાતાવરણમાં, સંસ્થાના પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' ની અધ્યક્ષતામાં ગાંધીનગર જીલ્લા પુસ્તકાલય સેક્ટર-૨૧, ગાંધીનગરના સદ્‌ભાવથી 'સાહિત્ય અવસર' સંપન્ન થયો, જેમાં ટી.વાય.બી.એસ.સી.માં સરકારી વિજ્ઞાન કૉલેજમાં અભ્યાસ કરતી કુ. અર્ચના વિનોદભાઇ સોનેરી તથા મહુવાનાં કવયિત્રી અને સંસ્કારી નગરી ભાવનગરની 'બુધસભા' નાં સભ્ય-સૂચિતા કપૂરના કાવ્ય પઠનનો કાર્યક્રમ તેમજ ગાંધીનગર સાહિત્ય સભાના ભૂતપૂર્વ આંતરિક અન્વેષક - સ્વ. ચંદ્રકાન્ત વાગડિયાના હાસ્યલેખ સંગ્રહ 'વ્યંગ બાય વાગડિયા' નો વિમોચન અને લોકાર્પણવિધિ પરિપૂર્ણ થઇ.

આ સાહિત્યઅવસરની શરૂઆતમાં શબદની આરાધ્ય દેવી મા શારદાની સ્તુતિ સોમભાઇ પટેલ અને મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા - સર્વેના ધબકતા સૂરના સથવારે રજૂ કરવામાં આવીઅને અધ્યસસ્થાનેથી ભરત ભાઇ કવિ દ્વારા ઉપસ્થિત મહાનુભાવો સર્વ પ્રદીપભાઇ શેઠ - ભાવનગર બુધસભાના સંચાલક; જાણીતા સાહિત્યકાર - નવલકથાકાર ડૉ કેશુભાઇ દેસાઇ, ગાંધીનગર સાહિત્ય સભાના ભૂતપૂર્વ પ્રમુખ અને જાણીતા કવિ - સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠક, કુ. અર્ચના સોનેરી, કવિયિત્રી સૂચિતા કપૂર, શ્રીમતિ પ્રવીણા બહેન વાગડિયા, ધીરેન વાગડિયા અને ઉપસ્થિત સર્વેનું ઉમળકાથી સ્વાગત કરી, આવકારવામાં આવ્યા. અને મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અને પુસ્તકથી, ઉપપ્રમુખ નટવર હેડાઉ અને સુરેસ ભટ્ટ તથા અન્ય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. આ કાર્યક્રમના સંચાલક ડૉ. સોમભાઇ પટેલે કુ. અર્ચના સોનેરીને પરિચય આપતાં જણાવ્યું કે, અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના નાનકડા અંતરિયાળ ગામ ચોગામડાની વતની કુ. અર્ચના ઊંચી ઉડાનની ઝંખના ધરાવે છે અને તેને સાહિત્ય, નૃત્ય-ગાનમાં રસ છે.

કુ. અર્ચનાએ તેના સુમધુર કંઠમાં કાવ્ય પઠન કર્યું જેમાં :

(૧) મારા પ્રભુ એક આશરો છે મુજને,
અન્યાય કર્યા સહન ને આંસુડાની ધાર...
(૨) જયારે ઊગતા સૂરજને હું જોયા કરું..
તારા ચહેરાને એમાં નિહાળ્યા કરું,
મારી પ્રિયનો દરિયો હું બનાવ્યા કરું...
(૩) વાલમજી હવે કેમ રહું?
નયનોમાં તમને વસાવ્યા છે
મારા ઝાંઝારનો ઝણકાર, મારાં કડલાંનો રણકાર
(૪) કોના મીઠા સૂરથી મન મારું મોહી ગયું?
કોના તક થૈયાથી, તન મારું ઝૂમી રહ્યું?
જાણે ટંકાર થયો મારી પ્રિયનો..
(૫) થાય જયારે ભ્રૂણહત્યા કેરું પાપ,
સાંભળજો સૌ... નું ભ્રૂણહત્યાનું ગીત

વગેરે જેવાં ગીત-કાવ્યો તેમના સુમધુર કંઠે રજૂ કરીને સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા અને ભ્રૂણહત્યા અંગે માન ઉદ્દેશીને રજૂ કરેલ કરૂણા સભર અભિનયથી સર્વેની આંખો ભીની કરી દીધી. તેના કાવ્યપઠન - ગવાયેલ ગીત, સર્વેએ મનભર માણ્યા અને દાદર સાથે વખાણ્યા.

ત્યારબાદ, કવયિત્રી સુચિતા કપૂરનો પરિચય ભાવનગર બુધસભાના સંચાલક અને વ્યવસાયે એન્જીનીયર હોવા છતાં - સાહિત્યના ઊંડા અભ્યાસુ અને લેખક એવા શ્રી પ્રદીપભાઇ શેઠ આપતાં જણાવ્યું કે ભાવનગર એ સાહિત્ય જેમાં ખાસ કરીને ગઝલોની ભૂમિ છે. ભાવનગર ખાતે અવિરત ચાલતી 'સાહિત્યિક' બુધસભાનાં કાયમી સભ્ય સુચિતા કપૂર છે અને તેઓ આ સભાની સાહિત્યિક દેન છે, જે બુધસભાની ૧૮૮૭ મી બેઠક તા. ૧૦-૧૨-૨૦૧૪ ના મળી હતી. ગઝલોની ભૂમિ ભાવનગરમાં અછાંદસ કવિતાઓ લઇને સુચિતા કપૂર આવેલ છે, જે કાવ્ય સંગ્રહ 'કશિશ'નું વિમોચન જાણીતા નવલકથાકાર ડૉ. કેશુભાઇ દેસાઇએ કર્યું હતું. અને ડૉ. કેશુભાઇ દેસાઇએ કવયિત્રીની કવિતાઓ વિશે 'કોરી કવિતા કરતાં કંઇક વિશેષ' મથાળા હેઠળ લખ્યું હતું કે : 'સંસ્કારી નગરી ભાવનગર અને માતૃનગરી મહુવા વચ્ચે સતત રાગ અને ત્યાગના હડદાલા ખાતી કવયિત્રીની સંવેદના-સભર કવિતાને કવિતા કહીશું કે નિયતિની આંખમાં આંસુ?

આ આંસુ એટલે હું,
આ આંસુ એટલે તું,
આ આસું એટલે અસ્તિત્વનો એકરાર...

યાદોના કબ્રસ્તાનમાંથી ખોદી કાઢેલી, સૂચિતા કપૂરની કવિતા હકીકતમાં નારીના અસ્તિત્વનો એકરાર બનીને પ્રગટી છે. અલબત્ત અનાયાસે સરી પડતાં આંસુ જેટલી સહજ હોઇ એ વેદના સર્જકની લગોલગ ભાવકના કાળજે પણ કોરાઇ જાય છે. કદાચ એટલે જ આ શાશ્વત છે.'

આમ કહી પ્રદીપભાઇ શેઠે, કવયિત્રીની કવિતાનાં મનભર વખાણ કરી, શિશુ વિહાર બુધસભાનું સૌભાગ્ય જણાવી, વધુ તેમની કવિતાઓ જ કહેશે તમે કહી - તેમના વકતવ્યને આટોપ્યું હતું.

કાવ્ય પઠનની પૂર્વે, કવયિત્રી સૂચિતા કપૂરે 'સર્જકની કેફિયત' અંગે જણાવ્યું હતું કે : મારા માટે આ કવિતા એટલે સંવેદના, જે શબ્દોમાં ઢળી ગઇ હોય. આ સંવેદના મારી પોતીકી લાગણીઓની હોઇ શકે પડઘારૂપે પણ હોઇ શકે. સંવેદના ઘૂંટાય અને જે શબ્દો પ્રગટે એ જ તો કવિતા. સુચિતા કપૂરે તેમની નિષ્ક્રિયતાને સક્રિય કરનાર કે અંકુરને નાનકડો છોડમાં પરિવર્તિત કરનાર કોઇ અગત્યનું પ્રેરકબળ હોય તો તે છે, 'શિશુવિહાર બુધસભા' અને તેના સંચાલક પ્રદીપભાઇ શેઠ છે, તેમ જણાવી, સરળ અને શબ્દોમાં માર્મિક સુપ્રસિદ્ધ કવિ મનોહરભાઇ ત્રિવેદીનો 'કશિશ'ની પ્રસ્તાવના બદલ અને પુસ્તકને પ્રકાશિત કરવામાં સહાયભૂત થનાર સંવેદનશીલ સર્જક ડૉ. કેશુભાઇ દેસાઇ અને શ્રી ઈ.પી. દેસાઇનો આભાર વ્યસ્ત કરી કાવ્ય પઠનનો આરંભ કર્યો જેમાં :

(૧) પપ્પા, તમને ખબર છે?
મને હજીયે પેલા, આકાશને આંબતા હિંચકાયાદ છે,
જે નાનપણમાં તમે ઝુલાવ્યા'તા
(૨) મેં તરસ પર કવિતા લખી,
એણે પરબ બંધાવી,
મેં વેદનાને વાચા આપી,
એણે શાંત કરી...
(૩) મને સમજાતું નથી, સમય હું તને શું કહું?
(૪) એના નાનકડાં ખભા પર મેં થોડો
વેદના-સંવેદના-સ્વપીડા - પરપીડાનો ભાર મૂક્યો
(૫) એક ડોસીની, ઝીણી થઇ ગયેલી ઊંડી ઊતરી આંખોમાં
ઊંડે ઊંડે હજુ એક પ્રતિબિંબ ઝળહળે છે.
(૬) હું સીતા છું. મેં સીતાના પ્રેમ, વિરહ, વેદના, ખાલીપો વેઠ્યા છે.
(૭) યાદો અશ્વસ્થામાં જેવી છે, અજર-અમર
(૮) જિંદગી કા આજ મેરે ઘર મુકામ હૈ
(૯) જબ ભી કિસી ઇન્સાન પાસ જાતી હૂં
(૧૦) એ ખરું કે તું મને,
ચાંદની મઠી રાતોમાં યાદ આવે છે
એકાંતની અટારીએ, ખામોશ તનહાઇમાં યાદ આવે છે.

જેવી વયસ્ક કન્યાઓ જેવી, કોઇ ઉછળતી, કોઇ ઠરેલ, તો કોઇ મુગ્ધ, થોડી ગરવી, નાયિકાને લાગેલા ડંખનો અનુભવ - પીડાને આલેખતી અછાંદસ રચનાઓને સર્વેએ દિલભર માણીને, તાળીઓનાં ગડગડાટથી વધાવી લીધી.

ત્યારબાદ સ્વ. ચંદ્રકાન્ત વાગડિયા, લિખિત હાસ્યલેખ સંગ્રહ 'વ્યંગ બાય વાગડિયા' નો વિમોચન અને લોકાર્પણ વિધિ મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યો. સ્વ. વાગડિયાના આ હાસ્ય સંગ્રહ વિષે ગાંધીનગર સાહિત્ય સભાના ભૂતપૂર્વ પ્રમુખ અને કવિ - સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠકે જણાવ્યું કે, 'સ્વ. વાગડિયા આપણી સમક્ષ સદેહે ઉપસ્થિત નથી, પરંતુ હાસ્યનિષ્પન્ન કરતા લેખોથી તે શબ્દદેહે વિહરી રહ્યા છે અને અજર-અમર રહેશે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

ભક્તોનું હૃદય પ્રેમભાવે ભરેલું હોય છે તેથી સૌ તરફ સમાનભાવે જુએ છે, સમગ્ર જગતને તે એકજ દૃષ્ટિથી નિહાળે છે, વ્યવહારમાં આવી દૃષ્ટિ કેળવવી તથા તે સાચવી રાખવી તે મુશ્કેલ કાર્ય છે

સંસ્કાર ચિંતન

- અનંત. ન. વ્યાસ

યેં તુ ધર્મ્યામૃતમિદં યથોક્ત પર્યુપાસતે ।
શ્રદ્ધાના મત્પરમા ભક્તાસ્તેઽતીવ મે પ્રિયા ॥

જે શ્રદ્ધાળુ-ભક્તો મારે પરાયણ થઇને ઉપર મુજબના ધર્મમય - અમૃતનું નિષ્કામ ભાવે સેવન કરે છે તેવા ભક્તો મને વધારે પ્રિય છે.

શ્રીમદ્ ભગવતગીતા ૧૨/

ભગવાન શ્રીકૃષ્ણે અધ્યાય બારમાં સગુણ-નિર્ગુણ ભક્તિ સમજાવી, સગુણ ભક્તિની વિશેષતા કહી છે. ભક્તિમાં એક પ્રકારની અનન્યતાની અપેક્ષા રહે છે. સાથેસાથે સાહત્યનું પણ તેટલું જ મહત્ત્વ છે. આ અધ્યાયમાં જ્ઞાન તથા ભક્તિનો પ્રવાહ સાથેસાથે વહે છે. ભક્તિ તો મન, બુદ્ધિ અથવા સમગ્ર ચેતનાનું સમર્પણ માગે છે. પ્રેમભાવ વિના કંઇ ભક્તિ ના પ્રગટે. ભક્તિ કોઇ નિષ્ક્રિયતાની પ્રેરક નથી એ સતત કર્મમાં પ્રેરે છે. પૂ. પાડુરંગદાદા આ પ્રકારની ભક્તિ-ભાવનાને કૃતિ-ભક્તિ કહે છે. ભક્તિમાં ભાવ તથા કર્મના સમન્વય જો સધાય તો ભક્ત-ચિત્ત કાયમ આનંદ જ અનુભવે છે. ચિત નિર્મળ તથા શુદ્ધ થતાં ભક્તિને પણ જીવતા-જીવનમાં રસ પડે છે. ભક્ત સમાજથી અલગ કે અલિપ્ત ન રહી શકે. જીવનનું અંતિમ-ધ્યેય તો પરમને પામવાનું. આ જીવનમાં જેટલું મળે તેટલું એકઠું કરવાનું હોવું જોઇએ. ભક્ત પોતાના ગુણો તથા કાર્યો દ્વારાસમાજને આ માર્ગ પર દોરે છે. સમાજમાં દૃષ્ટિ પરિવર્તન સાધી તેને ઇશ્વરભિમુખ બનાવવા સતત જાગૃત રહે છે. એ દર્શાવે છે કે પરમ-તત્ત્વનું જો અખંડ દર્શન થાય તો પછી વિભાજીત જીવન જીવવું મુશ્કેલ બને છે.

ચૈતન્યનો સાક્ષાત્કાર પામવાથી વૈયક્તિતા ઓગળી જાય છે અને ભક્ત સમરસ બને છે.

ભગવાન શ્રીકૃષ્ણે આ અધ્યાયમાં ખોબલે ખોબલે અમૃતની લહાણી કરી છે. સદ્-ભક્તની સમાજને ઓળખ કરાવી છે. ગીતાજીનો આ અધ્યાય ધ્યાનપૂર્વક વાંચનાર પણ ઢોંગી-ગુરુના ફાંસલામાં ભાગ્યે જ ફસાય. થઇ બેઠેલા ભક્તો તથા ગુરુઓમાં આવા લક્ષણોનાં અંશ પણ જોવા મળતો નથી. આપણો મોટો પ્રશ્ન તો માનવ સમાજનું નિર્માણ કરવાનો છે. વિમલા ઠાકરના મત પ્રમાણે માનવ સમુદાય રચાયો છે. પણ સમાજ નથી રચાયા. અને ગુરુ તથા ભક્તો કહેવરાવતા સંતો માત્ર ટોળાં ભેગા કરે છે. સમાજ - રચનાની પ્રક્રિયાને કોઇ હાથ ધરતું નથી. સમાજના ઘડતર અને ચણતર માટે કેવા કેવા માનવોની પસંદગી કરવી તેનું માર્ગદર્શન આ અધ્યાયમાંથી મળે છે. ગીતાજી તો જીવન-દર્શાવતો ગ્રંથ છે. તેમાં ત્રણ સ્થળે ઉચ્ચ સ્તરીય જીવન ગાળતાં પુરુષોના લક્ષણો ગણાવ્યા છે. સ્થિતપ્રજ્ઞ, ત્રિગુણાતીત તથા ભક્તો. આ સમાન કોટીની આદર્શમય વ્યક્તિઓ છે. ભક્તને બદલે જો આજના સંદર્ભમાં 'નેતા' શબ્દને મુકીએ તો યોગ્ય નથી માટેના આ લાક્ષણો માનવા પડે. પરમ-તત્ત્વના સાકાર-સ્વરૂપમાં આપણે આપણા જે આદર્શ હોય તેવા ગુણોની કલ્પના કરીએ છીએ. આ સદ્‌ગુણો ભક્તોએ તો પોતાના જીવનમાં ઊતાર્યા છે. કોઇ નેતાએ નહિ. તેથી ભક્તોને આપણે પરમની વિભૂતિ માનીએ છીએ. આમાં નિરૂપિત દરેક લક્ષણ પર પૂ. દાદા આઠવલેએ 'તુલસી દલ' ગ્રંથમાં સૂક્ષ્મ વિવેચન કર્યું છે.

આપણે તો માત્ર ત્રણ જ ગુણો જે આજના સંદર્ભમાં નેતાઓમાં હોવા જોઇએ તેનું જ વિવેચન કરશું. આ ત્રણ પ્રથમ છે અધેષ્ટા સર્વભૂતાનામ્ બીજો અનપેશા અને ત્રીજો સ્થિરમતિ.

અદ્વેષ્ટા સર્વભૂતાનામ્ - આ મહત્વનું પ્રથમ લક્ષણ છે. ભક્તો તો ભૂતમાત્ર પરત્વે સમાન ભાવ જુવે. તેના મનમાં કોઇ પરત્વે દ્વેષ ભાવ ન હોય. આ સમગ્ર વિશ્વ પરમનું જ સ્વરૂપ છે એમ માનનાર સદ્-ભક્ત પ્રાણીમાત્રમાં ભગવાન જુએ છે. તેથી તે કોઇનો દ્વેષ કરતો નથી. ઇશ ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે અહીં જે કંઇ છે તે ઇશનું છે. ભક્તોનું હૃદય પ્રેમભાવે ભરેલું હોય છે તેથી સૌ તરફ સમાનભાવે જુએ છે. સમગ્ર જગતને તે એકજ દૃષ્ટિથી નિહાળે છે. વ્યવહારમાં આવી દૃષ્ટિ કેળવવી તથા તે સાચવી રાખવી તે મુશ્કેલ કાર્ય છે. મનમાં અવૈરની ભાવના પ્રબળ બને તો જ આ સ્થિતિ પમાય. અને તે માટે મનસા - વાચા કર્મણા અહિંસાનું પાલન કરવું જોઇએ. હવે જરા આધુનિક દૃષ્ટિએ વિચારીએ. લોકનેતા કેવો હોવો જોઇએ તો આ સૂત્ર તેની પ્રથમ પરીક્ષા છે તે સમગ્ર સમાજને સમાન ભાવે જોનારો હોવો જોઇએ. પોતાના પક્ષ માટે રાગ તથા અન્ય પક્ષો પ્રત્યે દ્વેષ તેને ન શોભે. નાના-મોટા કાર્યોમાં વહાલા દવલાની 'મામકા'ની નીતિ ન અપનાવે તેવા નેતા જોઇએ. વળી હિંસક ભાવના તથા તેવા જ ઉશ્કેરીજનક વ્યાખ્યાનોથી દૂર રહેનાર હોવો જોઇએ. એનો એ અર્થ નહી કે તે લોકોને તેના દોષો ન દર્શાવે. લોકોમાં રહેવા દુર્ગુણોની સતત ટીકા કરે. તેવા દોષો દૂર કરવા યત્નો કરે ત્યારે પણ તેના મનમાં માત્ર દુર્ગુણો જ હોય. સુંદરમે લખ્યાં પ્રમાણે 'હણોના પાપીને, લડો પાપો સામે' તેમ થાય સામે લડી લોકોને મુક્તિ અપાવે તેવો શક્તિશાળી - સમજુ અને વિવેકી હોવો જોઇએ. વિશ્વ માનવી પૂ. બાપુનો દાખલો જગ-જાહેર છે. અંગ્રેજોની નિતિમાં કટ્ટર વિરોધી હોવા છતાં વ્યક્તિગત અંગ્રેજો તેના મિત્રો હતા. અંગ્રેજો પ્રત્યે કોઇ દ્વેષભાવ ન હતો. આજના નેતાઓએ પક્ષથી પર ઊઠી અદ્વેષ્ટા બનવાની જરૂર છે.

અનપેક્ષ - ભક્ત કોઇ પાસે કોઇ પ્રકારની અપેક્ષા ધરાવતો નથી. અપેક્ષા ત્રિસ્તરીય હોય છે. વ્યક્તિ પોતાની જાત પાસે સમાજ પાસે તથા પોતાના કર્મ પરત્વે અપેક્ષા રાખતો હોય છે. ભક્ત તો તૃપાત્મા હોય તેને કોઇ પ્રકારની અપેક્ષા ન હોય. તે કોઇ લાલચમાં ન જ સપડાય. જેણે પોતાનું સર્વસ્વ પરમાત્માના ચરણમાં ધર્યું હોય. પરમનો પાવન સ્પર્શ પામ્યો હોય - તેને આ સ્થૂળ જગતમાં શાની અપેક્ષા હોય. સામાન્ય વ્યક્તિ અનેક પ્રકારની અપેક્ષાઓ સેવતો હોય છે. અને પોતાની અપેક્ષાઓ ન સંતોષાય તો ક્રોધાદિનો ભોગ બને છે.

વ્યક્તિએ પોતા પ્રત્યે નીતિમત્તા - પ્રામાણિકતા તથા કર્મશીલ હોવાની અપેક્ષા રાખવી જોઇએ. અન્ય પાસેથી સ્થૂળ અપેક્ષા રાખનાર હલકો પડે છે. સમાજ પાસેથી પણ પોતાની વિવેકદૃષ્ટિને અનુરૂપ અપેક્ષા જ રાખી શખાય. સામે સમાજ પણ વ્યક્તિ પાસેથી અમુક અપેક્ષાઓ રાખે છે. સમજુ નેતાઓ એ વાત યાદ રાખવી જોઇએ કે તે સમાજની અપેક્ષા તરફ બેદરકાર ન રહે. અપેક્ષાનું પણ એક સત્ય હોય છે. આપણે અમુક કક્ષાની વ્યક્તિ પાસેથી અમુક પ્રકારની જ અપેક્ષા રાખી શકીએ. આમ તો કહેવાય છે કે કોઇનો પ્રેમ ઘટતો નથી. માત્ર આપણી અપેક્ષાઓ વધતી જાય છે. વધતી અપેક્ષા બંધનો ઊભા કરે છે. પતનના માર્ગે લઇ જાય છે. આપણાં રાજકારણમાં પતન પામતા સૌ નેતાઓના પતનનું કારણ તેની હદ કરતાં વધારે અપેક્ષાઓ હતી. જેણે સંતોષી જીવન ગાળવું છે. તેણે અપેક્ષારહિત થવું જરૂરી છે. કુટુંબ-વ્યવસાયમાં અપેક્ષાનો અર્થ પ્રેમ તથા હૂંફ તેવો થાય છે. જેને ચોક્કસ મર્યાદાઓ છે જેને કશુંક જોઇતુ નથી. જેની તમામ કામના પૂર્ણ થઇ છે તે મુક્તિ પામી ગયો તેમ મનાય છે.

સ્થિરમતિ - ભકતોનું, સંતોનું આ સર્વોચ્ચ લક્ષણ છે. સુખ તથા દુઃખ સમાન ગણી શાંત ચિત્તે સંતોષથી જીવવું. ભક્ત તો સ્થિરમતિ જ હોય - તે હર્ષમાં છલકાઇ ન જાય અને દુઃખમાં ભાંગી ન પડે. કયારેય આવેગોમાં તણાઇ ન જાય. વિષયસુખ પરત્વે ઉદાસીન રહે. રાગ અને દ્વેષના જોડકાં તેને અસર ન કરે. પોતાના નિર્ણયથી દૃઢ હોય. એ સાચો ભક્ત ગણાય. જે સમાજનો રાહગીર બની શકે. આપણે પણ આપણા નેતાઓ પાસે આવી અપેક્ષા રાખીએ. આજે ભાગ્યે જ કોઇ નેતાજીમાં આ લક્ષણ દેખાય છે. ઘડી ઘડીમાં બોલતા - ફરી જાય. વારંવાર ક્રોધના આવેગમાં તણાઇ જાય. વિચાર કર્યા વિના નિવેદનો ઝીંકે અને પગ નીચે રેવો આવે તો નાના નોકરિયાત પર દોષનો ટોપલો ઢોળી દે. મતિની સ્થિરતા પ્રાપ્ત થવી એ મોટી વાત છે. જરાક સ્વાર્થની વાત આવે ત્યાં તણાઇ જવું. પોતાના નાનકડા સ્વાર્થ ખાતર રાષ્ટ્રને ભારે નુકશાન કરવું. આપેલા કોઇ વચન પાળવા નહીં. આ બધા લક્ષણો નેતાઓ ધરાવે છે. તેઓ ભક્તો જેમ સ્થિરમતિ થાય તો રાષ્ટ્રનો ઉદ્ધાર થાય. સ્થિરપ્રજ્ઞના લક્ષણો માં ભગવાને વિસ્તૃત ચર્ચા કરી છે.

સાચા ભક્તો - પ્રભુને પ્રિય છે. એમ તો અગાઉ જ્ઞાની મને વધારે પ્રિય છે. તેવું પણ છે તો યોગી માટે પણ આ પ્રકારના વચન છે. પણ ત્યાં જ્ઞાની તથા યોગી માટે વિશેષણ વપરાયું છે. 'મત પરાયણ' મને માની મારામાં વિશ્વાસ રાખનાર. માત્ર તર્કશાસ્ત્રી નહિ આમ જ્ઞાની તથા યોગી કરતાં વ્યક્તની ભૂમિકા વધારે ઉચ્ચ છે. એ તમામે તમામ લક્ષણોને તો આપણા નેતાઓ ન જ પહોંચે. ન જીવનમાં ઉતારી શકે. પણ તેમાંથી બે-ચાર પોતાને ગમતાં - વ્યવહારમાં મુકવા શક્ય લાગતા હોય તેવા સદ્‌ગુણોનું જો જીવનમાં પ્રતિષ્ઠાપન થાય તો રાષ્ટ્ર માટે તે ઉત્તમ સમય ગણાશે.

મારી કલ્પનાનું ભારત

આપણે છીએ તો પરીક્ષા છે

- નટવર આહલપરા

મારી કલ્પનાનું ભારત સહનશીલતા, પરિપક્વતા, મનની ભદ્રતા કોઇનું પડાવી લેવાની વૃત્તિ વગરનો પ્રશાંત આત્મભાવ, સમજણથી છલોછલ એવા હૃદયની શાંતિ અને બધા જ જીવો પ્રત્યેની એકતા અને કરુણાથી લથબથ એવો પ્રેમ - આ બધી જ બાબતો ભારત ભવિષ્યમાં સમગ્ર વિશ્વને શીખવશે. આ મહાન શબ્દો છે વિલ દૂરાંના.

જહાં ડાલ ડાલ પર સોને કી ચિડિયાં કરતી હૈ બસેરા,
વો ભારત દેશ હૈ મેરા...

આ ગીતના મધુર અને ભાવવાહી શબ્દો સાંભલતા આજે પણ ભારતીય હોવાનું ગૌરવ થઇ આવે છે. ભારતીય સંસ્કૃતિ મહાન છે, પણ તેનું જતન કરનારા કેટલાં?

જે ધરતી પર રામ, કૃષ્ણ, મહાવીર, ગાંધી, શાસ્ત્રી, સરદાર, વિવેકાનંદ અને કેટલીયે વિભૂતિઓ અવતરી તે દેશ માટે કલ્પના કરવી એ પણ ગર્વની વાત છે.

પહેલા તો હું અને મારાં ભારતીય ભાઇ-બહેનો દેશ પ્રત્યે નિષ્ઠા જગાવવા પ્રયત્ન કરીશ. મને મારા દેશ પ્રત્યે માન છે. ભ્રષ્ટાચાર, અત્યાચાર, મોંઘવારી, દહેજ, દાણચોરી, કોમવાદ, આતંકવાદ, ગરીબી, બેકારી, સંગ્રહખોરી, જેવા અજગરોને મૃત્યુને ઘાટ ઉતારી સ્વસ્થ, સ્વચ્છ અને રામરાજય સમું ભારત જોઇએ. એ સાથે મળીને થાય.

વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત અને ધર્મગ્રંથોમાં કરાયેલી કલ્પનાઓ જેવી કે, 'ભારતની દરેક સ્ત્રીઓમાં સીતા માતાનું સ્વરૂપ હશે અને સર્વત્ર રામ હશે. રાવણનું દહન થશે, સમગ્ર ભારતમાં ઘી-દૂધની નદીઓ વહેશે.'

ઇશ્વર જેન સૌનું કલ્યાણ કરે છે, તેમ ભારતનો પ્રત્યેક નાગરિક પોતાના દેશ માટે કામ કરશે. કામચોરી નહીં કરે. સત્ય, અહિંસા, સેવા, ભાતૃભાવનાના માર્ગ પણ ચાલશે. જેનામાં હિંમતનો સંચાર થાય પછી નિરાસાનું પતન જ થાય ને?

સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો વાગશે. અમેરિકા, જાપાન, બ્રિટન, જેવા દેશો પણ આપણાથી ફફડશે.

ગંગા જેવી માતા છે ને પિતા હિમાલય છે તે દેશમાં ખળખળ વહેતાં ઝરણાં કરોડો વર્ષોથી એ જ સ્થિતિમાં રહે છે. સૂર્ય-ચંદ્ર એ જ રીતે